**સોગંદ આપ્યા.....**

**સામાવાળા વિશ્વાસભાઈ બટુકભાઈ જોષીની આંક–૧૬ની સરતપાસ લગત અરજદાર તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એન.યું.સોલંકી**

(૧) અરજદાર સાથે ૮વર્ષ પહેલા મારા લગ્ન થયેલા. એ વાત ખરી છે કે, અરજદાર સાથેના લગ્નજીવનથી મારે ૨ સંતાનોના જન્મ થયેલા છે. એ વાત ખરી છે કે, મારી દીકરી મનસ્વી શાળામા અભ્યાસ કરે છે. એ વાત ખરી છે કે, હાલમા અભ્યાસ ચાલુ છે. એ વાત ખરી છે કે, મારો દીકરો આ કામના અરજદાર સાથે હળવદ મુકામે રહે છે. એ વાત ખરી નથી કે, મારા ૮વર્ષના લગ્નજીવનમા છેલ્લા બે વર્ષથી ઝગડા થવા માંડેલા. એ વાત ખરી નથી કે, અમારે પતી પત્નિ વચ્ચે પહેલેથી જ અણબનાવ હતો. ઝગડા અને અણબનાવ વસ્તુ અલગ અલગ છે. લગ્નના શરુઆતના એક વર્ષમા મારા શાળાના મીત્રો,સગાસંબીધીઓ સાથે હુ જતો હતો ત્યારે તે અરજદારને ગમતુ નહી અને તેઓ કુંવારા હતા અને હુ પરણેલો હતો તેથી અણબનાવ થઈ ઝગડા થતા હતા.મારી દીકરી મનસ્વીનો જન્મ સને ૨૦૧૮ના વર્ષમા થયેલો.મારા દીકરા યજ્ઞનો જન્મ સને ૨૦૨૨મા થયેલો. એ વાત ખરી છે કે,મારા લગ્નના એક વર્ષ બાદ બંને સંતાનો નો જન્મ થયેલો. મારા માતા અવશાન પામેલ છે અને મારા પિતા હયાત છે જેઓએ બીજા લગ્ન કરેલ હોય તેઓ અલગ રહે છે. એ વાત ખરી છે કે,મારે મારા પિતા સાથે વહેવાર નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આ કારણોસર વ્યવહાર નથી. એ વાત ખરી નથી કે, મારા ફુઈ રહે છે તે મકાન મારા પિતાશ્રીના નામનુ છે. એ વાત ખરી નથી કે , મારે મોરબીમા બે મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે,ખારીવાડીમા એક અનાજ કરીયાણાની દુકાન આવેલી છે.એ વાત ખરી છે કે, ગામડે પણ અમારુ મકાન આવેલ છે. એ વાત ખરી છે કે,આ કામના અરજદારે અગાઉ પણ મારી ઉપર ઘરેલુ હીંસાનો કેસ દાખલ કરેલો. એ વાત ખરી છે કે, તે સમયે સમાધાન કરી અરજદાર મારી સાથે રહેવા આવેલા.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અરજદાર જુદા મકાનમા રહેવા માટે આવેલા. એ વાત ખરી છે કે અરજદારને પ્રોટેકશન ઓફીસરનો ફોન આવેલો અને અરજદારે તે અગાઉ દાખલ કરેલ ડોમેસ્ટીક વાયોલન્સ અરજીમા પ્રોટેકશન ઓફીસરને જણાવેલ કે અમારે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, જેથી તે કેસ પુરો થઈ ગયેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ત્યારબાદ અમે રુબરુ આવીને ભરણપોષણની અરજી પરત ખેંચેલી.

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.

## પેજ નં.૮

સવાલ:–ભરણપોષણની અરજી જ પાછી ખેંચેલી.ઘરેલુ હીંસાનો કેસ પાછો ખેંચેલો નહી ?

જવાબ:–હા સાચુ છે.

એ વાત ખરી છે કે, અરજદારે અગાઉ ફીનાઈલ પીધેલી.એ વાત ખરી છે કે,ફીનાઈલ પીધી તે સમયે અરજદાર મોરબી હતા. એ વાત ખરી છે કે, તેની સારવાર અરજદારે સમપર્ણ હોસ્પીટલ મોરબીમા લીધેલી.

સવાલ:–સારવારનો ખર્ચ તમે ચુકવેલ નથી ?

જવાબ:–સારવાર દરમ્યાન મે ખર્ચ ચુકવેલ નથી,સારવાર પછી જેણે ખર્ચ ચુકવેલ તેને મેં ખર્ચ ચુકવી આપેલ છે.

કેટલા રુપીયા ખર્ચ થયેલ તે ખ્યાલ નથી રકમ મારા સાઢુભાઈને મેં ચુકવેલી. સાઢુભાઈનુ નામ વિજયભાઈ છે અને તે મોરબી મુકામે રહે છે. એ વાત ખરી છે કે,સારવાર દરમ્યાન ખર્ચ અરજદારના બહેન બનેવીએ ચુકવેલો.

(૨) એ વાત ખરી છે કે અમારા જ્ઞાતિના રીતરીવાજ મુજબ સોના ચાંદીના ઘરેણા ચડાવવાનો રીવાજ છે. એ વાત ખરી છે કે, જ્ઞાતિના રીતરીવાજ મુજબ મે અરજદારને ઘરેણા ચડાવેલા. એ વાત ખરી છે કે,મે અરજદારને લગ્ન સમયે ચડાવેલ દાગીના મે બેંકમા ગીરવે મુકેલા.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પૈસાની જરુર હોય જેથી ગીરવે મુકેલા. મે પછી આ દાગીના બેંકમાથી છોડાવેલા.

સવાલ:–તમે ચડાવેલા બધા ઘરેણા તમારી પાસે છે ?

જવાબ:– ના,બધા ઘરેણા મારી પાસે નથી.

એ વાત ખરી નથી કે, આ કામના અરજદાર પાસે માત્ર એક સોનાની બુટી છે તે સીવાય કોઈ ઘરેણા લાવ્યા નથી. એ વાત ખરી છે કે, અરજદાર તથા મારા પુત્ર યજ્ઞના કપડા ત્યા પડેલ છે.

સવાલ:–તમે તમારી પત્નિ તથા પુત્રના કપડા પણ અરજદારને આપેલ નથી?

જવાબ:– મે અરજદારને કપડા લઈ જવા જણાવેલ પરંતુ અરજદાર કપડા લેવા માટે આવેલ નથી.

એ વાત ખરી નથી કે,આ કામના અરજદાર કપડા લેવા માટે આવેલા ત્યારે મે મારી પાસે સમય નથી તેવો ઉડાઉ જવાબ આપેલો. અરજદાર કપડા લેવા માટે આવે તો અરજદાર જયારે કહે ત્યારે હુ કપડા આપી દેવા તૈયાર છુ.

સવાલ:–જયારે તમે પોલીસ સ્ટેશનમા અરજી લખાવેલ ત્યારે ઘરેલુ હીંસાનો કેસ ચાલુ હતો

અને ભરણપોષણનો કેસ ચાલુ હતો ?

જવાબ:– જયારે મે પોલીસ સ્ટેશનમા અરજી લખાવેલી ત્યારે અરજદારે મારી પર ઘરેલુ હીંસાનો કેસ કરેલ છે અને ભરણપોષણનો કેસ કરેલો તેની મને જાણકારી ન હતી.

સવાલ:–જીગરભાઈ તમારા કુંટુબી હોય તમારા સગા થાય છે ?

જવાબ:– મારા કોઈ સંપર્કમા નથી.

સવાલ:–જીગરભાઈ જોષી તમારા પત્નિના સગા થાય છે અને તમારી જ્ઞાતીના છે ?

જવાબ:–જીગરભાઈ જોષી અમારી જ્ઞાતીના છે અને તે મારી પત્નિના સગા થાય છે કે કેમ તેનો મને ખ્યાલ નથી.

અશોકભાઈ મોરબી મુકામે હુ સમાધાન કરીને અરજદાર સાથે અલગ રહેવા ગયો તે મકાનના તથા સમાધાન પહેલા જે મકાનમા રહેતો હતો તે બંને મકાનના પાડોશી થાય છે. એ વાત ખરી છે કે ,મે પોલીસ સ્ટેશનમા ખાધાખોરાકીનો કેસ ચાલુ છે તેવુ લખાવેલુ. એ વાત ખરી છે કે ,મે પોલીસ સ્ટેશનમા અરજી આપેલી તેમા બનાવની વીગતમા ફેમીલી કોર્ટમા કેસ ચાલુ હોય તેમા રકઝક થયેલી તેની વિગતો લખાવેલી.

સવાલ:– તમે તમારી પોલીસ સ્ટેશનના અરજી ફોર્મમા બોલાચાલી તથા જુની મેટર તથા કોર્ટ કેસ બાબતે રકજક ચાલતી હોય તેવુ અરજીના વિષયમા જણાવેલ?

જવાબ:– આ ટુંકા ગાળાના સમય દરમ્યાન આ ઘટના બનેલી જેમા જમવા બાબતે રકઝક થઈ અને ઘર ખુલ્લુ મુકી અરજદાર જતા રહેલા અને મે મારા સાસુને બધાને ફોન કર્યા અને પાછી આવતી રહેલી અને બીજા કે ત્રીજા દીવસે ઝગડો કરેલો ત્યારે રાત્રે પોલીસની હાજરીમા મારા સાસુ આવીને તેડી ગયેલા અને ત્યારબાદ મે પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરેલી અને તે સમય ગાળા દરમ્યાન જુનો ભરણપોષણનો કેસ ચાલુ હતો તે બંધ થયાની મને જાણ ન હતી તેથી મે પોલીસ સ્ટેશનમા લખાવેલ અને નવો કેસ કર્યાની મને જાણ ન હતી.

એ વાત ખરી નથી કે, અશોકભાઈ જયારે અમારા પતિ પત્નીના ઝગડા થતા હતા ત્યારે સમાધાન માટે આવતા હતા તેથી તેમનુ ખોટુ નામ પોલીસ સ્ટેશનની ફરીયાદમા મે લખાવેલુ. એ વાત ખરી છે કે ,હુ ધારાસભ્ય કાંતીભાઈ અમૃતીયાની ઓફીસમા કામ કરુ છુ. એ વાત ખરી છે કે ,ત્યાનો ઓફીસનો કોમ્પ્યુટરનો વહીવટ હુ કરુ છુ. એ વાત ખરી છે કે , તા.૩૦/૪/૨૫ના રોજ મે પોલીસ સ્ટેશનમા આપેલી ફરીયાદમા એવુ લખાવેલ કે, હળવદ કોર્ટમા તા.૧/૪/૨૫થી કેસ

ચાલતો હોય જેની હળવદ મહે.એડી.જયુડી.મેજી.સાહેબની કોર્ટ જેના ફો.પર.અ.નં.પપ/૨પ તા.૨/૫/૨૫ની મુદત નીમાઈ આવેલી.

સવાલ:-આ અશોકભાઈ અને જીગરભાઈ તમારી પત્નિને બોલાવતા હોય અને તમારો કેસ ચાલતો હોય તેનુ મનદુખ રાખી કેસ કરેલો?

જવાબ:- બંને જણ મારી પત્નિ સાથે અને મારી પત્નિ એમની સાથે ફોનમા વાત કરતા હોય એટલે મે અરજી આપેલી.

એ વાત ખરી છે કે ,હુ વોટસઅપ,ઈન્સટાગ્રામ એ બધુ વાપરુ છુ. આ ચેટ મારી નથી. એ વાત ખરી છે કે , હાલમા મારા સસરા હયાત નથી. એ વાત ખરી છે કે, મારી પત્નિ અને મારુ બાળક મારી વૃધ્ધ સાસુ સાથે રહે છે.

સવાલ:- તમે તમારા બાળક તથા તમારી પત્નિની રહેઠાણની વ્યવસ્થા કરેલ નથી?

જવાબ:- રહેઠાણની વ્યવસ્થા કયારે કરવાની હોય,મારી પત્નિ મારી સાસુને ત્યા રહે છે.

સવાલ:-તમે તમારા બાળક તથા તમારી પત્નિના ભરણપોષણની તથા દવાના ખર્ચની વ્યવસ્થા કરેલ નથી?

જવાબ:-હા,મારા પત્નિ મારા સાસુ ભેગા રહેતા હોવાથી નથી કરેલી.

આ તબકકે અરજદાર તરફે વધુ ઉલટતપાસ માટે મુદત અરજી આવતા સબબ કામ વધુ ઉલટતપાસ માટે મુલત્વી.

શરુ કલાક:-૧૧:૪૫

પુર્ણ કલાક:-૧:૦૬

સ્થળ:- હળવદ.
તારીખ:- ૨૯/૧૨/૨૦૨૫
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.